

**એરિસઈન્ફ્રાનો IPO 2.65 ગણો ભરાયો**
એરિસઈન્ફ્રા સોલ્યૂશન્સનો આઈપીઓ શુક્રવારે અંતિમ દિવસના અંતે કુલ 2.65 ગણો, રિટેલમાં 5.59 ગણો ભરાયો હતો

# BUSINESS સમય

**સુઝલોનને એમ્પિનનો 170.1 MW ઓર્ડર**
સુઝલોને શુક્રવારે કહ્યું કે તેને એમ્પિન (AMPIN) તરફથી આંધ્રના કુર્નુલમાં 170.1 મેગાવોટ વિન્ડ પાવર પ્રોજેક્ટ મળ્યો છે





**SENSEX**



82,408.17 ↗ 1046.30

**NIFTY**



25,112.40 ↗ 319.15

**એ ગ્રૂપમાં સૌથી વધુ વધનારા**

| શેર | બંધ ભાવ | વધારો | ફેરફાર |
|---|---|---|---|
| રત્તન(ઈ) પો | 13.89 | 1.14 | 8.94 |
| બીઇએમએલ | 4627.20 | 340.05 | 7.93 |
| રત્તન(ઈ) ઈન | 59.10 | 3.95 | 7.16 |
| એન્ડ્યુરન્સ | 2575.60 | 152.05 | 6.27 |
| જેબી કેમિકલ્સ | 1771.25 | 99.95 | 5.98 |

**એ ગ્રૂપમાં સૌથી વધુ ઘટનારા**

| શેર | બંધ ભાવ | ઘટાડો | ફેરફાર |
|---|---|---|---|
| એરિસ લાઇફ. | 1624.10 | -111.15 | -6.41 |
| ઓરિએન્ટ સિમેન્ટ | 230.10 | -14.85 | -6.06 |
| એસ્ટ્રાઝેન ફાર્મા. | 8883.00 | -539.95 | -5.73 |
| ઇન્ટલેક્ટ ડિઝાઇન | 1079.45 | -61.60 | -5.40 |
| ઈન્ડિયા સિમેન્ટ | 304.20 | -16.15 | -5.04 |

# માર્કેટ બેરોમીટર

M-Cap 447.70 લાખ કરોડ



ત્રણ દિવસની નરમાઈ પચાવી નિફ્ટી ફરી 21 દિવસની ઇએમએની ઉપર નીકળી હતી. નિફ્ટી માટે 24,850 સપોર્ટ લેવલ છે.
**રૂપક ડે**, સિનિ. ટેક. એનાલિસ્ટ, એલકેપી સિક્યુરિટીઝ



**બેન્ચમાર્કની મુવમેન્ટ**

| | સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|---|
| ખુલતા | 81354.85 | 24787.65 |
| વધીને | 82494.49 | 25136.20 |
| ઘટીને | 81323.20 | 24783.65 |
| બંધ | 82408.17 | 25112.40 |
| ફેરફાર (પોઇન્ટમાં) | 1046.30 | 319.15 |
| 52 વિકનો ઉંચો | (Sep 27)85978.25 | (Sep 27)26277.35 |
| 52 વિકનો નીચો | (Apr 7)71425.01 | (Apr 7)21743.65 |
| 3 વર્ષનોઉંચો | (Sep 27,24)85978.25 | (Sep 27,24)26277.35 |
| 3 વર્ષનોનીચો | (Jun 23,22)51632.85 | (Jun 23,22)15367.50 |

**એફઆઈઆઈના કામકાજ (₹કરોડ)**

| | ઈક્વિટી | | | ડેટ | | |
|---|---|---|---|---|---|---|
| તારીખ | લેણ | વેચાણ | ચોખ્ખું | લેણ | વેચાણ | ચોખ્ખું |
| 19/6 | 13557 | 11517 | 2040 | 352 | 53 | 298 |
| 18/6 | 11210 | 11808 | -598 | 569 | 593 | -24 |
| 17/6 | 14984 | 12196 | 2788 | 1119 | 393 | 726 |
| 16/6 | 10315 | 12962 | -2647 | 724 | 446 | 278 |
| 13/6 | 15143 | 15516 | -374 | 568 | 295 | 273 |
| 12/6 | 12662 | 15938 | -3276 | 559 | 517 | 42 |
| 11/6 | 15628 | 15759 | -131 | 416 | 2945 | -2529 |

**મ્યુચ્યુઅલ ફંડ્સનાં કામકાજ (₹કરોડ)**

| | ઈક્વિટી | | | ડેટ | | |
|---|---|---|---|---|---|---|
| તારીખ | લેણ | વેચાણ | ચોખ્ખું | લેણ | વેચાણ | ચોખ્ખું |
| 18/6 | 8215 | 8121 | 95 | 14597 | 19615 | -5018 |
| 17/6 | 15583 | 9201 | 6382 | 14481 | 16804 | -2323 |
| 16/6 | 11306 | 5634 | 5672 | 14641 | 16692 | -2051 |
| 13/6 | 10107 | 8329 | 1778 | 13018 | 12991 | 26 |
| 12/6 | 17460 | 9280 | 8180 | 15426 | 14175 | 1251 |
| 11/6 | 11529 | 10304 | 1225 | 19094 | 22069 | -2975 |
| 10/6 | 6759 | 6775 | -16 | 10644 | 12779 | -2135 |

## બિઝનેસ ન્યૂઝ

### ફ્યુચર જેનેરાલી ઈન્ડિયાનું પ્રીમિયમ 19% વધ્યું

ફ્યુચર જેનેરાલી લાઇફ ઇન્શ્યોરન્સનું નાણાકીય વર્ષ 2024-2025માં નવા બિઝનેસનું કુલ પ્રીમિયમ 96% વધી ₹1192 કરોડ થયું છે, જે નાણાંકીય વર્ષ 2023-2024માં ₹609 કરોડ હતું. વ્યક્તિગત નવા બિઝનેસનું પ્રીમિયમ 19% વધીને નાણાકીય વર્ષ 2024-2025માં ₹476 કરોડ થયું હતું તથા નવા ગ્રૂપ બિઝનેસનું પ્રીમિયમ 240% વધીને ₹716 કરોડ થયું હતું. વર્ષ દરમિયાન કંપની બ્રેકઇવનની નજીક પહોંચી, ₹6.4 કરોડનું નુકસાન રહ્યું છે.

### એક્સિસ બેંકનું વેવ ફોર્ચ્યુન ઉપર સરળ પેમેન્ટ્સ

એક્સિસ બેંકે જાહેર કર્યું છે વેરેબલ બ્રાન્ડ બોટ અને પેમેન્ટ્સમાં ગ્લોબલ ટેક્નોલોજી લીડર માસ્ટરકાર્ડ સાથે સહયોગ કર્યો છે જેથી અત્યાધુનિક સ્માર્ટવોચ વેવ ફોર્ચ્યુન માટે ટેપ એન્ડ પે એનએફસી સંચાલિત પેમેન્ટ્સને સરળ બનાવી શકાય. વેવ ફોર્ચ્યુન યુઝરને સુગમતા, સુરક્ષા અને નેક્સ્ટ-લેવલ સ્માર્ટવોચ અનુભવ સાથે સશક્ત કરવા માટે બનાવવામાં આવી છે.

### એમેઝોન ઈન્ડિયાની MSME ડે 2025ની ઊજવણી

માઇક્રો અને સ્મોલ બિઝનેસીસને સક્ષમ કરવાના તેના વર્તમાન પ્રયાસોના ભાગરૂપે એમેઝોન ઈન્ડિયાએ એમએસએમઈ ડે 2025 પૂર્વે 21 અને 22 જૂને કારીગર મેલા સ્ટોરફ્રન્ટની ચોથી એડિશનનું આયોજન કરશે. કારીગર મેલા પોતાની હાથબનાવટની પ્રોડક્ટ્સ દર્શાવવા માટે ભારતના કારીગરો માટે ઓનલાઇન સ્ટોરફ્રન્ટ બની રહ્યો છે.

### વૉલમાર્ટ MSMEની વૈશ્વિક બજારોમાં પહોંચ વિસ્તારશે

વૉલમાર્ટના સપ્લાયર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, વૉલમાર્ટ વૃદ્ધિએ આઇડિયાસ ટુ ઇમ્પેક્ટ ફાઉન્ડેશનની સાથે સહયોગ કર્યો છે, જેથી તેઓ આગામી 3 વર્ષમાં ભારતમાં વધારાના એક લાખ એમએસએમઇને સમર્થ બનાવી શકે. વધુમાં આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચ વિસ્તારવાની સાથે વ્યવસાયને આધુનિક, સ્કેલ કરી શકવામાં મદદ કરી શકે.

### ટાટા મોટર્સની એડવાન્સ વ્હીકલ સ્ક્રેપિંગ સુવિધા

ટાટા મોટર્સે લખનઉ અને રાયપુરમાં બે અત્યાધુનિક Re.Wi.Re - રિસાઇકલ વિથ રિસ્પેક્ટ - રજિસ્ટર્ડ વ્હીકલ સ્ક્રેપિંગ ફેસિલિટીઝનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સુવિધાઓ જૂના વાહનોને ડિસમેન્ટલ કરવા માટે ડિઝાઇન કરાઈ છે. આ સુવિધાઓ ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર સહિત તમામ પેસેન્જર અને કોમર્શિયલ વાહનોને હેન્ડલ કરવા સક્ષમ છે.

### આઈટીસી મંગલદીપ પોર્ટફોલિયોનું આધુનિકીકરણ

અગરબત્તી બ્રાન્ડ આઈટીસી મંગલદીપે અમદાવાદમાં વેપારી સંમેલનનું આયોજન કર્યું હતું, જેમાં ગુજરાતના વિવિધ શહેરોમાંથી 100થી વધુ અગ્રણી ડિસ્ટ્રિબ્યુટરો અને હોલસેલરો હાજર રહ્યા હતા. કંપનીએ લેટેસ્ટ કેટેગરી ઇનોવેશન ડ્રાય ધૂપ સ્ટિક્સ (ક્લાસિક એન્ડ સિગ્નેચર રેન્જ) લોન્ચ કરી હતી.

### જેએસડબ્લ્યુ એમજી મોટરની વાર્ષિક ઓફર

જેએસડબ્લ્યુ એમજી મોટર ઇન્ડિયાએ ભારતમાં છ વર્ષની ઉજવણી કરતાં ઝેડએસ ઇવી પર વિશેષ વન-ટાઇમ લિમિટેડ-પીરિયડ ઓફરની જાહેર કરી હતી. આ રેંજ હવે ₹16.75 લાખના એક્સ-શોરૂમ કિંમતથી શરૂ થાય છે. કંપની ભારતમાં સ્વચ્છ ગતિશીલતા ઉકેલોને ઝડપથી અપનાવવા માટે પ્રતિબદ્ધ છે.

### ફિલિપ મોરિસનું ટેલેન્ટ વિકસાવવા પર ફોકસ

ફિલિપ મોરિસ ઇન્ટરનેશનલ ઇન્ક.ની સંલગ્ન IPM ઇન્ડિયા ટેલેન્ટનું વિકાસ-વ્યવસાયનું વિકાસ પર ભાર મૂકે છે, જેમાં વૃદ્ધિલક્ષી સંસ્કૃતિને પ્રોત્સાહન આપવું અને ઉચ્ચતમ ક્ષમતામાં યોગદાન આપવા સક્ષમ બનાવવાનો સમાવેશ થાય છે. આમાં કાર્યસ્થળના અનુભવોથી લઈને જ્ઞાન, કુશળતા અને વ્યવસાયિક સમજ વધારવાના સ્પેશિયલાઈઝ્ડ કાર્યક્રમો છે.

### પલેડિયન પાર્ટનર્સ એડવાઇઝરીની મજબૂત કામગીરી

પલેડિયન પાર્ટનર્સ સેલ્સ ફોર્સે માત્ર 48 કલાકમાં ચાંદીવાલા ગ્રુપ દ્વારા રહેણાંક ઓફરનું ₹100 કરોડનું બુકિંગ કર્યું હતું. અંધેરી પશ્ચિમના વીરા દેસાઈ રોડ પર સ્થિત આ પ્રોજેક્ટ મિડ-પ્રીમિયમ સેગમેન્ટમાં ગણાય છે. કંપનીની વ્યૂહરચના વ્યાપક સૂક્ષ્મ-બજાર વિશ્લેષણથી લઈને પૂર્ણ-સ્ટેક ઝુંબેશ અમલીકરણ સુધીનો અભિગમ ડેટા-આધારિત હતી.

---

ડોલર સામે રૂપિયો સુધરતા એફપીઆઇની ખરીદીનો ટેકો રહેતાં ત્રણ દિવસની નરમાઇને બ્રેક લાગી

# સેન્સેક્સ 1,046 પોઇન્ટ વધ્યો, નિફ્ટી ફરી 25,000ને પાર

**નવગુજરાત સમય** > અમદાવાદ

અમેરિકા દ્વારા ઈરાન પર હુમલા માટે બે સપ્તાહનો સમય લેવમાં આવતા ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં રસ્તો નીકળવાની આશા વચ્ચે બ્રેન્ટ ક્રૂડના ભાવ વધતા અટક્યા હતા તો ડોલર ઈન્ડેક્સ સુસ્ત રહેતાં રૂપિયા પર પોઝિટીવ અસર થઈ હતી. એફપીઆઈની નીચલા સ્તરે ખરીદી રહેતાં શેરોમાં ત્રણ દિવસની નરમાઈ અટકી હતી. આવતા સપ્તાહમાં જુન કોન્ટ્રાક્ટનો છેલ્લો દિવસ આવતો હોવાથી શોર્ટ કવરિંગ પણ જોવાયું હતું, જેને કારણે નિફ્ટી વીઆઈએક્સમાં વધુ ઘટાડો થયો હતો. નિફ્ટી વીઆઈએક્સની નીચી સ્થિતિ યુદ્ધનું વાતાવરણ હોવા છતાં ગભરાટ ઓછો હોવાનું સૂચવે છે અને તેને કારણે જ મંદીવાળા હેમરિંગ કરવાથી દૂર રહ્યા હોવાનું માર્કેટ નિષ્ણાતો પાસેથી જાણવા મળતું હતું. વૈશ્વિક સ્તરે વ્યાજદરમાં ઘટાડાનો સિનિરિયો સર્જાઈ રહ્યો હોવાથી બોન્ડ અને બુલિયન માર્કેટમાં પ્રોફિટ બુકિંગ કરવાની સાથે ઈક્વિટીમાં નીચલા સ્તરે પોઝિશન બિલ્ટ-અપ કરવામાં આવી રહ્યું બર્સ્ટેન્શનના એક રિપોર્ટમાં જણાવાયું હતું.

**પીએસયુ શેરો મજબૂત**

| કંપની | બંધ | વધ્યા |
|---|---|---|
| બીઇએમએલ | 4627.20 | 7.93% |
| મિધાની | 443.60 | 7.14% |
| પીએફસી | 409.05 | 4.92% |
| જીઆરએસઈ | 3286.95 | 4.79% |
| હુડકો | 227.25 | 4.72% |

સેન્સેક્સ આગલા બંધ સામે સ્થિર ખુલ્યા બાદ વૈશ્વિક પોઝિટીવ સંકેતોની સાથે શોર્ટ કવરિંગ પાછળ ઊંચકાઈને 82,494 થયો હતો, જે દિવસની નીચલી સપાટીથી 1,171 પોઈન્ટ ઊછળ્યા બાદ છેલ્લે 1,046.30 પોઈન્ટ વધી 82,408.17 બંધ રહ્યો હતો. આંકમાં છેલ્લા એક મહિનાનો સૌથી મોટો ઊછાળો હતો. અગાઉ 15 મે, 2024એ સેન્સેક્સ 1.5 ટકા વધ્યો હતો. નિફ્ટી 24,784ની બોટમ બનાવી ઊંચામાં 25,136 થઈ બંધ 25,112.40 રહેતાં 319.15 પોઈન્ટ વધી હતી. નિફ્ટી સાત ટ્રેડિંગ સેશન પછી 25,000ને પાર થઈ હતી. નિફ્ટી ફરી 25,200ની પ્રતિકારક સપાટીને ટેસ્ટ કરવા પાછી ફરી છે, એમ જણાવીને ઈક્વિટાસ રિસર્ચના ટેકનિકલ એનાલિસ્ટ ગૌરાંગ ભટ્ટનું કહેવું હતું, આવતા સપ્તાહમાં જો આંક પ્રતિકારક સ્તર કુદાવશે તો તેજીવાળામાં નવી આશા જાગશે અને નિફ્ટી 25,500 સુધી આગળ વધવાની સંભાવના વધશે. ભારતીય અર્થતંત્ર અંગે મોટા ભાગની રિસર્ચ કંપનીઓ તથા સંસ્થાઓએ 6.3 ટકા કે તેથી વધુ જીડીપી ગ્રોથ રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હોવાથી વિદેશી રોકાણકારો ભારતીય શેરબજાર માટે સાધારણ પ્રીમિયમ આપવા તૈયાર હોવાનું વધુમાં તેમણે કહ્યું હતું.

અમેરિકાના પ્રમુખે ઈરાન પર હુમલા કરવા માટે બે સપ્તાહનો સમય આપતાં ડિપ્લોમેસી ઓપ્શન વિચારાઈ રહ્યો હોવાનું એનાલિસ્ટોનું માનવું હતું. આને કારણે એશિયન શેરબજારમાં મિશ્ર ટ્રેન્ડ સામે યુરોપના શેરબજાર સુધારા સાથે ટ્રેડ થતાં હતા. જાપાનમાં મુખ્ય ફુગાવો વધીને રહેતાં જાપાનની સેન્ટ્રલ બેન્ક સામે પડકારો યથાવત રહ્યા હતા. અમેરિકાની ટેરિફની નકારાત્મક અસર જાપાનના ફુગાવા પર જોવાઈ હોવાનું એનાલિસ્ટોનું માનવું હતું. આ ડેટાને પગલે બેન્ક ઓફ જાપાન પોલિસીને વધુ હળવી કરતાં અચકાશે એમ વધુમાં સૂત્રોનું જણાવવું હતું. ચીનના ઓદ્યોગિક ઉત્પાદન ડેટા જાહેર થવાના હોવાથી અમેરિકાના ટેરિફના પગલાં આર્થિક કામગીરી અને વ્યાપાર કામકાજ પર કેવા રહે છે તેની પર નજર હતી. દરમિયાન બેન્ક ઓફ ઈંગ્લેન્ડે ગુરુવારે મળેલી બેઠકમાં વ્યાજદરને 4.25 ટકાના સ્તરે જાળવી રાખ્યા હતા.

સ્થાનિકમાં ચાર દિવસની માર્કેટ બ્રેડથમાં નબળાઈ આગળ વધતા અટકી હતી. વધનાર 2463 શેરો સામે 1484 ઘટનાર શેરો હતા. માર્કેટ કેપિટલાઈઝેશન વધીને ₹447.65 કરોડ રહ્યું હતું. મિડ અને સ્મોલ કેપ શેરોમાં ગભરાટ શમ્યો હોવા છતાં બેન્ચમાર્કની સરખામણીએ અંડરપર્ફોમર હતા. મિડ કેપ આંક 539 પોઈન્ટ તો સ્મોલ કેપ આંક 285 પોઈન્ટ વધ્યા હતા. બધા જ સેક્ટોરલ આંક ગ્રીન ઝોનમાં બંધ હતા, જેમાં ટેલિકોમ 2.7 ટકા, ઈન્ટરનેટ ઈકોનોમી 2.4 ટકા અને રિયલ્ટી આંક 2.2 ટકા વધ્યા હતા.

### મેટલના ભાવ રેન્જ બાઉન્ડ રહેવાની અપેક્ષા: મોતીલાલ ઓસવાલ ફાઈનાન્શિયલ

મોતીલાલ ઓસવાલ ફાઇનાન્શિયલ સર્વિસીસના રિપોર્ટ અનુસાર મોટાભાગની મેટલમાં ઊંચો સપ્લાય રહેવાની ધારણાએ ભાવ અથડાઈ ગયા છે, પીએમઆઇના આંકડા બિનપ્રોત્સાહક રહેતાં અને યુએસ-ચીન વચ્ચેની વાટાઘાટો અંગે પણ અનિશ્ચિતતાનો માહોલ રહેતાં આગામી દિવસોમાં બેઝ મેટલના ભાવ રેન્જ બાઉન્ડ રહેશે. કોપરમાં ઊંચી અસ્થિરતા જોવા મળી રહી છે. માર્ચમાં થોડા સમય માટે 10,000 ડોલરથી ઉપર ગયા બાદ એક જ અઠવાડિયામાં તૂટીને 8,000 ડોલર સુધી આવી ગયા હતા અને 9,500 ડોલરની સપાટી આસપાસ અથડાઈ ગયા છે. એલએમઇ અને કોમેક્સના ભાવો વચ્ચે કિંમતમાં અસમાનતા ઉભરી આવી હતી. આને કારણે આર્બિટ્રેજનીતકો સર્જાઈ હતી, જેણે સટ્ટાકીય (સ્પેક્યુલેટીવ) શિપમેન્ટને પ્રોત્સાહન આપ્યું હતું.

**ડોલર સામે રૂપિયામાં ઘટાડો અટક્યો :** છેલ્લા કેટલાક દિવસથી ડોલર સામે રૂપિયામાં ઘટાડો આગળ વધતો અટક્યો હતો. અમેરિકન કરન્સી સામે રૂપિયો 14 પૈસા સુધરી 86.59 રહ્યો હતો. શેરબજારમાં સુધારો અને ક્રૂડના ભાવની આગેકૂચ અટકતાં તેમજ એફપીઆઇની ખરીદીનો ટેકો રહેતાં રૂપિયા પર દબાણ ઘટ્યું હતું. મહિનાના અંતે આયાતકારોની ડોલરની માગ રહી હતી. ઇન્ટ્રા ડેમાં રૂપિયો 86.55-89.73ની સાંકડી રેન્જમાં અથડાયો હતો. ગુરુવારે ડોલર સામે રુપિયો ત્રણ મહિનાની નીચલી સપાટીએ ગબડ્યો હતો.

**ઓસવાલ પમ્પનું લિસ્ટિંગ નિરૂત્સાહી રહ્યું :** ઓસવાલ પમ્પનું લિસ્ટિંગ નિરૂત્સાહી રહ્યું હતું. કંપનીના શેર ₹614માં ઓફર કરાયા હતા, જેની સામે શેરનો ભાવ 3 ટકા ઉપર ₹632 ખુલ્યા બાદ વધીને 646.90 થયો હતો, જોકે પાછળથી ગ્રે માર્કેટના ઓપરેટરોની વેચવાલી નીકળતા બંધ 624.90 બંધ રહેતાં ઓફર પ્રાઇસ સામે સાધારણ 1.8 ટકા વધ્યો હતો. કંપનીનું માર્કેટ કેપિટલાઇઝેશન ₹7,122 કરોડ રહ્યું હતું.

---

# મિડલ ઈસ્ટની અનિશ્ચિતતા આગળ ધપશે તો કેટલાક સેક્ટરને અસર થશે: ક્રિસિલ

» ઘર્ષણની ભારતીય કંપનીઓ પર હાલપૂરતી મર્યાદિત અસર: ક્રિસિલ

**એજન્સી** > કોલકાતા



ક્રિસિલ રેટિંગ્સે તેના લેટેસ્ટ રિપોર્ટમાં કહ્યું છે કે મિડલ ઈસ્ટમાં જે ઘર્ષણ ચાલી રહ્યું છે તેની હાલના તબક્કે ભારતીય કંપનીઓના વૈશ્વિક વ્યાપાર પર ખાસ અસર નથી થઈ. પણ જો અનિશ્ચિતતા આગળ ધપશે તો કેટલાક સેક્ટરને અસર થઈ શકે છે.

ઈઝરાયેલ-ઈરાન યુદ્ધને કારણે વૈશ્વિક ક્રૂડ ઓઈલ માર્કેટમાં અનિશ્ચિતતા સર્જાઈ છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલ ખાસ્સા સમયથી બેરલદીઠ 65 ડોલર આસપાસ હતું, જ્યાંથી ઉછળીને 73-76 ડોલરની રેન્જમાં આવી ગયું છે. એપ્રિલ-મે દરમિયાન ક્રૂડ ઓઈલના ભાવ સરેરાશ બેરલદીઠ 65 ડોલર હતા.

ક્રિસિલે કહ્યું હતું કે હવે ઈઝરાયેલ-ઈરાન ઘર્ષણ આગળ વધશે તો ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો થઈ શકે છે. તેનાથી અપસ્ટ્રીમ ઓઈલ કંપનીઓ એટલે કે ઓઈલનું ઉત્પાદન કરતી કે એક્સપ્લોરેશન કરતી કંપનીઓને ફાયદો થશે, પરંતુ ડાઉનસ્ટ્રીમ રિફાઈનર્સ અર્થાત્ પેટ્રોલ-ડીઝલનું રિટેલ વેચાણ કરતી ઓઈલ માર્કેટિંગ કંપનીઓના માર્જિન પર વિપરીત અસર થશે.

તેણે કહ્યું કે ઈઝરાયેલ અને ઈરાન સાથે ભારતનો સીધો વ્યાપાર કુલ વ્યાપારના માત્ર 1 ટકાથી પણ ઓછો છે. ઈરાન ખાતે ભારતની મહત્વની નિકાસ બાસમતી ચોખાની છે, જ્યારે ઈઝરાયેલ સાથે વિવિધ પ્રોડક્ટ્સનો વ્યાપાર છે.

મિડલ ઈસ્ટમાં અનિશ્ચિતતા વધશે અને ઘર્ષણ વધશે તો એનર્જી સપ્લાય ચેઈનને પણ અસર થઈ શકે છે. જો ઈરાન હોર્મુઝની સામુદ્રધૂની બંધ કરશે તો સપ્લાય ચેઈન પર અસર થશે જેને કારણે સ્પેશ્યલ્ટી કેમિકલ્સ, પેઈન્ટ, એવિએશન, ટાયર, વગેરે સેક્ટરને અસર થઈ શકે છે તેમ ક્રિસિલે તેના આ રિપોર્ટમાં કહ્યું હતું.

ઈઝરાયેલે ઈરાનના પરમાણુ મથકો પર હુમલા કર્યા છે અને તેના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહૂએ શુક્રવારે પણ ધમકી આપી હતી કે આ હુમલા ચાલુ જ રહેશે. બીજી તરફ ઈરાને સંખ્યાબંધ મિસાઈલ ઈઝરાયેલના તેલ અવીવ સહિતના શહેરોને નિશાન બનાવીને ઝીંકી છે. દરમિયાન રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને ઈઝરાયેલને હુમલા બંધ કરવા કહ્યું છે. પરિસ્થિતિ જોતા ઘર્ષણ વધે તેવી શક્યતા જોવાઈ રહી છે.

# ફોરેક્સ રિઝર્વ 2.29 અબજ ડોલર વધીને 699 અબજ ડોલર

**એજન્સી** > નવી દિલ્હી

દેશનું ફોરેક્સ રિઝર્વ 13 જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહમાં 2.29 અબજ ડોલર વધીને 698.95 અબજ ડોલર થયું હતું. આરબીઆઈએ શુક્રવારે આ ડેટા જાહેર કર્યા હતા. અગાઉના 6 જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વ 5.17 અબજ ડોલર ઘટીને 696.65 અબજ ડોલર થયું હતું. 13 જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ફોરેન કરન્સી એસેટ્સ 1.739 અબજ ડોલર વધીને 589.426 અબજ ડોલર થઈ હતી. ગોલ્ડ રિઝર્વ 42.8 કરોડ ડોલર વધીને 86.316 અબજ ડોલર થયું હતું. સ્પેશ્યલ ડ્રોઈંગ રાઈટ્સ 8.5 કરોડ ડોલર વધીને 18.756 અબજ ડોલર થયા હતા. ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ (IMF) સમક્ષ ભારતનું રિઝર્વ 4.3 કરોડ ડોલર વધીને 4.452 અબજ ડોલર થયું હતું.

ફુગાવો ઘટવાને કારણે ગવર્નરની રેપો રેટમાં 0.50% ઘટાડાની તરફેણ

# રેટ કટથી વૈશ્વિક તણાવ વચ્ચે પણ ગ્રોથ જળવાઈ રહેશે: એમપીસી મિનિટ્સ

**એજન્સી** > મુંબઈ



આરબીઆઈની મોનિટરી પોલિસી કમિટી (MPC)ની મીટિંગ આ મહિનાની શરૂઆતમાં યોજાઈ હતી જેની મિનિટ્સ શુક્રવારે જાહેર થઈ હતી. મિનિટ્સ અનુસાર આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું હતું કે રેપો રેટમાં વ્યાપક ઘટાડો કરાયો તેનાથી એક સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે કે વૈશ્વિક તણાવ વચ્ચે રિઝર્વ બેન્ક ગ્રોથને સપોર્ટ કરવા પ્રયાસશીલ છે.

ગત 6 જૂને એમપીસીની મીટિંગમાં રેપો રેટ 0.50 ટકા ઘટાડવાનો નિર્ણય લેવાયો હતો. ત્રણ મીટિંગમાં કુલ 100 બેસીસ પોઈન્ટનો ઘટાડો કરાયો છે. આ ઉપરાંત પોલિસી સ્ટેન્સ એકોમોડેટિવથી શિફ્ટ કરીને ન્યૂટ્રલ કરાયું છે. સીઆરઆર પણ ઘટાડવાની જાહેરાત થઈ છે. એમપીસીના બાહ્ય સભ્ય સૌગતા ભટ્ટાચાર્યએ રેપો રેટમાં 0.25 ટકાનો ઘટાડો કરવાની તરફેણ કરી હતી.

મિનિટ્સ્ અનુસાર ફુગાવો ઓક્ટોબર-2024માં 6.2 ટકાથી ઘટીને એપ્રિલ-2025માં 3.2 ટકા થઈ ગયો તેને કારણે મલ્હોત્રાએ રેપો રેટમાં 0.50 ટકા ઘટાડાની તરફેણમાં મતદાન કર્યું હતું. તેમણે કહ્યું કે બોરોઈંગ કોસ્ટ ઘટાડીને તેમણે સંકેત આપ્યો કે કન્ઝમ્પ્શન અને રોકાણને સપોર્ટ કરી રહ્યા છે.

પોલિસી સ્ટેન્સ બદલીને ન્યૂટ્રલ કર્યું તે અંગે તેમણે કહ્યું કે વૈશ્વિક આર્થિક પરિસ્થિતિ બદલાઈ રહી છે તેને કારણે પોલિસીમાં ફ્લેક્સિબિલિટી જરૂરી હતી.

એમપીસીના સભ્ય રાજીવ રંજને કહ્યું હતું કે રેપો રેટ 0.50 ટકા ઘટાડાય અને સ્ટેન્સ એકોમોડેટિવ જ રહે તો ફાઈનાન્શિયલ માર્કેટ્સમાં ખોટો સંકેત જાય અને તેને કારણે વોલેટિલિટી વધી શકે તેમ હતી. આથી જ સ્ટેન્સ ન્યૂટ્રલ કરાયું. તેમણે સ્પષ્ટ કર્યું કે સ્ટેન્સ ન્યૂટ્રલ કરાયું તેનો અર્થ મોનિટરી પોલિસીની દિશા બદલાઈ તેમ ન સમજવું જોઈએ.

અન્યસભ્ય રામસિંહે કહ્યું હતું કે વૈશ્વિક ગ્રોથ અને ફુગાવા અંગેની ધારણાઓ દરરોજ બદલાઈ રહી છે. સ્થાનિક સ્તર પર પણ ગ્રોથ અને ખાદ્યચીજોના ફુગાવા અંગે અનિશ્ચિતતાને કારણે રેટ કટમાં સાવચેતી રાખવી પડે તેમ હતી.

---

# ઓસવાલ એનર્જીનો ₹320 કરોડનો ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ

**નવગુજરાત સમય** > અમદાવાદ

ભારતમાં ગ્રીન ઉર્જામાં રૂપાંતરિત કરવાની દિશામાં એક મહત્વનું પગલું લેતા ઓસવાલ એનર્જીઝ લિમિટેડે ₹320 કરોડનું મૂડીરોકાણ કરીને ગ્રીન હાઈડ્રોજન તૈયાર કરવાનો પ્રોજેક્ટ સત્તાવાર રીતે શરૂ કર્યો છે. ગ્રીન્ઝો એનર્જી ઈન્ડિયા લિમિટેડ તરફથી એક મેગાવોટના ઈલેક્ટ્રોલાઈઝરની પહેલી ડિલીવરી મળી જતાં આ પ્રોજેક્ટનો આરંભ થઈ ગયો છે. કેમિકલ અને ફર્ટિલાઈઝરના સેક્ટરની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ કરી શકાય તે હેતુથી બિલ્ટ-ઓપરેટ અને ટ્રાન્સફરના સિદ્ધાંત પર 20 મેગાવોટના પ્રોજેક્ટનો આરંભ કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટમાં અડધા મેગાવોટથી માંડીને પાંચ મેગાવોટ સુધીની ક્ષમતા ધરાવતા પાવર પ્લાન્ટ્સ આગામી 12થી 18 મહિનામાં શરૂ કરવામાં આવશે. તેને માટે ગ્રીન્ઝોની અત્યાધુનિક અને સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ સાથે ગ્રીન્ઝો એનર્જી પણ જોડાયેલી છે તે જ દર્શાવે છે કે ગ્રીન હાઈડ્રોજનના નિર્માણની દિશામાં ઝડપથી આગળ વધી રહેલા દેશમાં કંપની મહત્વની કામગીરી કરી રહી છે. ગ્રીન્ઝો એનર્જીની ઓર્ડર બુક અત્યારે વધીને ₹1500 કરોડને વળોટી ગઈ છે. કંપની દેશમાં અને પરદેશમાંના તેના કસ્ટમર્સને શ્રેષ્ઠ કાર્યક્ષમતા ધરાવતા ઈલેક્ટ્રોલાઈઝર અને હાઈડ્રોજન સિસ્ટમ પૂરી પાડી રહી છે. કંપની સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરના ગ્રાહકો ધરાવે છે.

વીજ ઉત્પાદન 5.8 ટકા ઘટ્યું, ફર્ટિલાઈઝર ઉત્પાદન 5.9 ટકા ઘટ્યું

# કોર સેક્ટરનો ગ્રોથ મે મહિનામાં ઘટીને 0.7 ટકા, નવ મહિનાના તળિયે

» સિમેન્ટનું ઉત્પાદન 9.2 ટકા વધ્યું, જ્યારે સ્ટીલનું ઉત્પાદન 6.7 ટકા વધ્યું

**એજન્સી** > નવી દિલ્હી



દેશના આઠ કોર સેક્ટરનો ગ્રોથ મે મહિનામાં ઘટીને માત્ર 0.7 ટકા થયો હતો, જે છેલ્લાં નવ મહિનામાં સૌથી ઓછો છે. ગત વર્ષે આ ગાળામાં ગ્રોથ 6.9 ટકા હતો અને એપ્રિલ-2025માં તે 1 ટકા હતો. સરકારે શુક્રવારે આ ડેટા જાહેર કર્યા હતા. એપ્રિલ-મેના બે મહિનામાં કોર સેક્ટરનો ગ્રોથ 0.8 ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આ ગાળામાં 6.9 ટકા હતો.

મે મહિનામાં વીજ ઉત્પાદન 5.8 ટકા ઘટ્યું હતું અને ફર્ટિલાઈઝરનાં ઉત્પાદનમાં પણ 5.9 ટકાનો ઘટાડો થો હતો. નેચરલ ગેસનું ઉત્પાદન 3.6 ટકા ઘટ્યું હતું. ક્રૂડ ઓઈલનું ઉત્પાદન પણ 1.8 ટકા ઘટ્યું હતું. બીજી તરફ સિમેન્ટનું ઉત્પાદન 9.2 ટકા વધ્યું હતું, જ્યારે સ્ટીલનું ઉત્પાદન 6.7 ટકા વધ્યું હતું, જેને કારણે કોર સેક્ટરનો ગ્રોથ પોઝિટિવ ટેરિટરીમાં આવી શક્યો છે. કોલસાનું ઉત્પાદન 2.8 ટકા વધ્યું હતું, જ્યારે રિફાઈનરી પ્રોડક્ટ્સનું આઉટપુટ સાધારણ 1.1 ટકા વધ્યું હતું.

અગાઉ ઓગસ્ટ-2024માં મે મહિનાના ડેટા કરતાં પણ નબળા ડેટા આવ્યા હતા જેમાં કરો સેક્ટરમાં 1.5 ટકાનો નેગેટિવ ગ્રોથ જોવાયો હતો.

સરકારે મે મહિનામાં કોર સેક્ટરના નબળા ગ્રોથ માટે મે-2024ની બેઝ ઈફેક્ટ પણ એખ કારણ હોવાનું કહ્યું હતું. તે સાથે કેટલાક સેક્ટરમાં ઉત્પાદન સંબંધિત પડકારો હોવાનું પણ કહ્યું હતું. ખાસ કરીને વીજ ઉત્પાદન નોંધપાત્ર ઘટ્યું હતું. મે-2024માં વીજ ઉત્પાદન ડબલ ડિજિટમાં વધ્યું હતું.

# સન ટીવી નેટવર્કે પ્રમોટર કલાનિથીનો બચાવ કર્યો, વિવાદને વ્યક્તિગત ગણાવ્યો

» પિતાના મૃત્યુ પછી કલાનિથીએ સન ટીવી પર કબજો કરી લીધો: દયાનિધીનો આરોપ

**એજન્સી** > નવી દિલ્હી

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી દયાનિધી મારને તેમના ભાઈ કલાનિથી મારન પર ફ્રોડ કરીને પરિવારની સંપત્તિના ભાગ પાડ્યા અને ગેરવહીવટ કર્યો હોવાના આક્ષેપ વહેતા થયા તેને પગલે કલાનિથીની માલિકીની સન ટીવીએ શુક્રવારે કહ્યું હતું કે પ્રમોટર ફેમિલી વચ્ચે ભાગલા 22 વર્ષ પહેલાં થયા હતા અને તે તમામ કાનૂની નિયમોનું પાલન કરીને થયા હતા.

સન ટીવી નેટવર્કે તેના પ્રમોટર કલાનિથીનો બચાવ કરતા કહ્યું હતું કે કંપનીના પબ્લિક ઈશ્યૂ પહેલાં બન્ને ભાઈઓ વચ્ચે મધ્યસ્થીઓ દ્વારા કરાર કરાવવામાં આવ્યા હતા.

અહેવાલો અનુસાર દયાનિધીએ તેમના ભાઈ અને અન્ય લોકોને કાનૂની નોટિસ ફટકારી છે અને આક્ષેપ કર્યો છે કે કલાનિથીએ ફ્રોડ કર્યું છે અને તેમના પિતા મુરાસોલી મારનનું 2003માં મૃત્યુ થયા પછી સન ટીવી પર ગેરકાયદે કબજો કરી લીધો.

દયાનિધી હાલમાં ડીએમકેના લોકસભાના સાંસદ છે. તેમણે કંપનીનું શેરહોલ્ડિંગ સ્ટ્રક્ચર સપ્ટેમ્બર-2023 પહેલાંના સ્તર મુજબનું કરવાની માગણી કરી છે. સન ટીવી નેટવર્કના બોર્ડના વડા કલાનિથી છે જેઓ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ચેરપર્સન છે. તેમની પુત્રી કાવ્યા કલાનિથી મારન પણ બોર્ડમાં છે. કલાનિથી પ્રમોટર તરીકે કંપનીમાં 75 ટકા હિસ્સો ધરાવે છે.

કંપનીએ રેગ્યૂલેટરી ફાઈલિંગમાં કહ્યું હતું કે દયાનિધીએ કરેલા આક્ષેપો ખોટા, ગેરમાર્ગે દોરનારા, સ્પેક્યુલેટિંગ અને બદનક્ષી કરનારા છે. 22 વર્ષ પહેલાં જે કંઈ થયું હતું તે કાયદેસર બંધનકર્તા હતું અને તેના મધ્યસ્થી પણ હતા.

કંપનીએ કહ્યું કે પ્રમોટર મારન ભાઈઓ વચ્ચે ઝઘડાના જે મીડિયા અહેવાલો છે તેની બિઝનેસ પર કોઈ અસર નહીં થાય. આ પ્રમોટરોની ફેમિલી મેટર છે અને સંપૂર્ણપણે વ્યક્તિગત બાબત છે.

કલાનિથી ઉપરાંત સન ટીવીમાં મ્યુચ્યુઅલ ફંડ્સ અને વીમા કંપનીઓ 10.46 ટકા હિસ્સો ધરાવે છે અને વિદેશી પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ 6.87 ટકા હિસ્સો ધરાવે છે.

**વિવાદો વચ્ચે સન ટીવીનો શેર 5 ટકા સુધી તૂટ્યો :** સન ટીવી નેટવર્કનો શેર શુક્રવારે 5 ટકાથી વધુ તૂટ્યો હતો. દયાનિધી અને કલાનિથી મારન વચ્ચે વિખવાદ અને કાનૂની જંગના અહેવાલો વચ્ચે શેરમાં કડાકો જોવા મળ્યો હતો. બીએસઈ પર શેર ઈન્ટ્રા ડે 5.20 ટકા તૂટીને ₹581.55 સુધી સરક્યો હતો અને છેલ્લે 1.09 ટકા ઘટીને ₹606.80 પર બંધ રહ્યો હતો.

---

**ખુલાસો** શેર કે વોટિંગ રાઈટ્સનું એક્વિઝિશન પૂરું થાય તે નહીં પરંતુ એક્વિઝિશનનો ઈરાદો મુખ્ય પરિબળ છે: સેબી

# શેર FY25માં ખરીદ્યા, FY26માં જમા, તો ખરીદી કયા વર્ષની?

» સેબીની અનૌપચારીક ગાઈડન્સમાં સ્પષ્ટતા, જોકે તેને કાનૂની પીઠબળ નથી

**એજન્સી** > નવી દિલ્હી

સેબીએ એક અનૌપચારીક ગાઈડન્સમાં સ્પષ્ટતા કરી છે કે કોઈપણ કંપનીમાં એક્વિઝિશન ટેકઓવર માટે એગ્રીમેન્ટની તારીખથી ગણવામાં આવશે. તેણે આ ગાઈડન્સમાં કહ્યું કે ટેકઓવર રેગ્યુલેશન હેઠળ શેર કે વોટિંગ રાઈટ્સનું એક્વિઝિશન પૂરું થાય તે નહીં પરંતુ એક્વિઝિશનનો ઈરાદો મુખ્ય પરિબળ છે. પ્રિતિશ નંદી કમ્યૂનિકેશન્સ (PNC)ના કેસમાં સેબીએ આ ગાઈડન્સ આપ્યું હતું.

પીએનસીએ સેબી પાસેથી ચોક્કસ કેસમાં આ ગાઈડન્સ માગ્યું હતું. આઈડિયાઝડોટકોમ પ્રાઈવેટ લિમિટેડ નામની પ્રમોટર ગ્રુપ કંપનીએ પીએનસીના 4.87 ટકા શેર ખરીદવા માટે ત્રણ ટ્રાન્ઝેક્શન 26 માર્ચ, 27 માર્ચ, 28 માર્ચ, 2025ના રોજ કર્યા હતા. પણ 29, 30, 31 માર્ચના રોજ ટ્રેડિંગ હોલિડે હોવાથી શેર માર્ચના અંત સુધીમાં કંપનીના ખાતામાં ક્રેડિટ થયા ન હતા.



કોર્પોરેટ પ્રોફેશનલ્સના સ્થાપક પવનકુમાર વિજયે કહ્યું હતું કે 'સેબીના અનૌપચારીક ગાઈડન્સમાં સ્પષ્ટ જણાવાયું છે કે ટેકઓવર કોડ હેઠળ પાયાનો સિદ્ધાંત એ છે કે વોટિંગ રાઈટ્સ સાથેના શેર 'ખરીદવાનો ઈરાદો' મહત્વનો છે જેનાથી ઓપન ઓફરનું ઓબ્લિગેશન આવે છે, વાસ્તવિક શેર ક્યારે ખરીદ્યા તે મહત્વનું નથી.' તેમણે કહ્યું કે કંપનીએ માર્કેટમાંથી શેર ખરીદવા માટે બ્રોકર સમક્ષ ઓર્ડર પ્લેસ કરતા પહેલાં જ જાહેરાત કરી દેવી પડે. પીએનસીના શેર ખરીદવાના કિસ્સામાં શેર ખાતામાં 2 એપ્રિલ, 2025ના રોજ જમા થયા હતા. આથી આ ટ્રાન્ઝેક્શન 2024-25માં ગણવું કે 2025-26માં તે પ્રશ્ન થયો હતો.

ત્રણ ટ્રાન્ઝેક્શનમાં 26 માર્ચે 0.4037 ટકા શેર ટ્રેડ થયા હતા, જે 27મીએ ખાતામાં જમા થઈ ગયા હતા. 27 માર્ચે 0.15 ટકા શેર ટ્રેડ થયા હતા, જે 28મીએ જમા થઈ ગયા હતા. 28મીએ સૌથી વધુ 4.31 ટકા શેર ટ્રેડ થયા હતા, જે 2 એપ્રિલ, 2025ના રોજ જમા થયા હતા.

જોકે ફિનસેક લો એડવાઈઝર્સના પાર્ટનર અનિલ ચૌધરીએ અલગ મત દર્શાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે 'મારી દૃષ્ટિએ કાયદાનું ખોટુ અર્થઘટન કરવામાં આવ્યું છે...શેર ખરીદવા ઓર્ડર પ્લેસ કરવાથી વોટિંગ રાઈટ્સ નથી મળી જતા. આર સિસ્ટમ્સ સંબંધિત કેસમાં સેબીએ આદેશ આપ્યો હતો કે વોટિંગ રાઈટ્સ મળે તે તારીખ જ ટ્રિગર ડેટ છે અને શેર ખરીદવાના ઓર્ડરની તારીખ નહીં.' જોકે સેબીનું અનૌપચારીક ગાઈડન્સ માત્ર એક સ્પષ્ટતા છે, તેને કાનૂની પીઠબળ નથી અને તેમાં ઘણા ડિસક્લેમર જોવા મળે છે. કોઈપણ એન્ટિટી ₹25,000ની ફી ચૂકવીને સેબી સમક્ષ અનૌપચારીક ગાઈડન્સ મેળવી શકે છે.